શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

## Warld Environment Day
## 5 June

RNI NO. 6304 / 62



# પંચોલી નવયુગ

જુન-૨૦૧૪ અંક - ૬ વર્ષ : ૫૩ સળંગઅંક : ૪૦૯
માસિક કિંમત - ૧૦/- વાર્ષિક લવાજમ - ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

## નવયુગ શુભેચ્છક

### દ્વિતીય પૂણ્યતીથીએ હાર્દિક શ્રંદ્ધાંજલિ



**સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી**

જન્મ : ૨૪:૧૧:૧૯૨૦ સ્વર્ગવાસ : ૦૭:૦૬:૨૦૧૨

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત,
પરિશ્રમ જેનું કર્તવ્ય, પરમાર્થ જેની ભકિત તથા
દિર્ધદ્રષ્ટિ વાળું આયોજન અને સમજણ પૂર્વકની કરકસર હતી.
એવા અમારા પૂ. જેકોરબા ચંદન જેવું જીવન જીવીને શીતળતા
અમો સૌને આપી ગયા, ખુદ ઘસાયને સૌને કાજે સૌરભ બની
પ્રસરી ગયા, આપનો પરોપકારી વ્યવહાર કુશળ કુટુંબ ભાવનાના
અમો સૌને દર્શન કરાવી સુખ સાગરમાં વહેતા મુકી ગયા....
પરોપકાર આપનું રટણ હતું અને પરિશ્રમ આપનું કર્તવ્ય હતું
આવો સંસ્કારિક વારસો અમો સૌને આપી આપ દત્તશરણ થયા..
આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ મળે એજ
પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ કોટી કોટી વંદન

**અર્પણકર્તા**

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર

2012-2033

## નવયુગ શુભેચ્છક

### દ્વિતીય પૂણ્યતીથીએ હાર્દિક શ્રંદ્ધાંજલિ



**સ્વ. શ્રી મણીલાલ ભુલાભાઈ પંચોલી**

જન્મ : ૧:૧:૧૯૨૭ ઉ.વ. : ૮૫ સ્વર્ગવાસ : ૦૯:૦૬:૨૦૧૨

' પડખે ઉભા રહી ટેકો દીધો સદા,
આજે સાદ તમારો સંભળાય નહીં.
સહવાસની સુવાસને કદીય વિસરાય નહીં,
કંડારી ગઈ એક નવી કેડી ખેલદીલી તમારી.
જીંદગી જીવવાની, સદા નત મસ્તકે નમન કરીએ,
આપની જીવન જીવવાની રાહને.
અમ અંતરે, હૈયે રહેશો આપ સદા.....'
એજ અમારી

કિરણ મણીલાલ પંચોલી   અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
કૌશલરાજ કિરણ પંચોલી
અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી
ચિ. હેતલ કિરણ પંચોલી

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ,
બ્રહ્માકુમારી સેન્ટર સામે, પ્લોટ ૬-ડી,
દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨
મોબાઈલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

2012-2033

॥ શ્રી ગણેશાય નમ : ॥ ॥ શ્રી રામ ॥ ॥ જય બજરંગ બલી ॥

# અમારા જીવનબાગમાં ખીલેલું
# મહેકતું .... ચહેકતું પુષ્પ











**ચિ. પૂર્વ નિરવકુમાર પંચોલી**
**જન્મ તા. ૧૭.૦૩.૨૦૧૪**

શ્રી નરેશચંદ્ર જેઠાલાલ પંચોલી
શ્રીમતિ ઉષાબેન નરેશચંદ્ર પંચોલી
શ્રી નિરવકુમાર નરેશચંદ્ર પંચોલી
શ્રીમતિ દિપીકા નિરવકુમાર પંચોલી
ચિ. અમિત નરેશચંદ્ર પંચોલી
મારૂતી ટ્રેડીંગ કું. ડેડીયાપાડા-જિ . નર્મદા
મો. ૯૯૭૮૨ ૩૩૭૮૨

(O.R) 02649-234523 Mo. : 94274 64918

શ્રી મારૂતિ ટ્રેડીગ કંપની

જથ્થાબંધ સીંગતેલ, તેલીબીયાં, વેજી.ઘી, કોપરેલ,
કપાસીયા તેલ, રાયડો તેલ, ખાંડ, ખાંડસરીના વેપારી

દુ.નં. ૨, શહેરા શોપીંગ સેન્ટર, ડેડીયાપાડા, જિ. નર્મદા, - ૩૯૩ ૦૪૦

# હૃદયાંજલી



## સ્વર્ગસ્થ અમરતલાલ ચંદુલાલ પંચોલી

જન્મ : ૧૫.૧૧.૧૯૩૩ સ્વર્ગવાસ : ૨૫.૦૫.૨૦૧૪

માજી પ્રમુખ : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
માજી પ્રમુખ : શ્રી પંચોલી સમાજ વડોદરા

મીતભાષી, કર્મઠ, કુટુંબવત્સલ, સદાચારી, નિર્વ્યસની, નિરપેક્ષ ભાવના, શ્રદ્ધાવાન,
સમાજ હિતેચ્છુ, દુરદર્શી અને પાલ વિભાગના પ્રથમ સિવિલ એન્જિનિયર
એવા અમારા સૌના પૂજનીય વડીલને સાદર વંદન કરીએ છીએ.
પરમકૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થ આત્માને ઉત્તમોત્તમ સદ્દગતિ અર્પે
એજ પ્રાર્થના સહ હૃદયાંજલી

### અર્પણકર્તા

ગં.સ્વ. મંજુલાબેન અમરતલાલ પંચોલી

શ્રી સુરેશચંદ્ર સી. પંચોલી-USA
શ્રીમતિ જયશ્રી એસ. પંચોલી-USA
શ્રી બિપીનચંદ્ર સી. પંચોલી-USA
શ્રીમતિ કુસુમ બી. પંચોલી-USA
શ્રી ગિરીશ સી. પંચોલી-USA
શ્રીમતિ બીના જી. પંચોલી-USA

ડૉ. દિનેશ એ. પંચોલી
શ્રીમતિ લીના ડી. પંચોલી
ચિ. સમર્થ ડી. પંચોલી
ડૉ. કૌશિક એ. પંચોલી
શ્રીમતિ સોનલ કે. પંચોલી
ચિ. ધ્વનિ-ધ્યેય

શ્રી ગુંજનકુમાર જે. પંચોલી શ્રીમતિ ભાવિતા જી. પંચોલી
ઓસ્ટ્રેલીયા

૪-એ, ભારત સમાજ સોસાયટી, પ્રભુનગરનો ખાંચો, વાઘોડિયારોડ, વડોદરા-૩૯૦ ૦૧૩
ફોન : ૦૨૬૫ ૨૫૧ ૪૨૩૮

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**જુન-૨૦૧૪**

**પંચોલી નવયુગ**

રજી. નં.:A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક

પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | | |
|---|---|---|
| **માસિક કિંમત** | - | **૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | - | **૧૦૦/-** |

# તંત્રી નોંધ.......

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો.

૨૦૧૪નું ચૂટણીનું પરિણામ સુંદર આવ્યું... લોકો પરિવર્તન ઝંખતા હતા... સૌએ ભાજપને બહુમત આપી બાહોશ અને બહુમતી ધરાવતા શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં વિશ્વાસ રાખી એમને વડાપ્રધાન પદ પર પહોચાડયા છે... લોકોને એમના તરફથી આશાઓ પણ ઘણી છે. અને એઓ દેશ માટે જરૂરથી ન ભુતો ન ભવિષ્યતિ જેવા કાર્યો કરશે જ તથા વિશ્વમાં ભારતને એક ઉચ્ચ સ્થાને પહોંચાડશે જ એવી આશા સહ શુભેચ્છાઓ પણ ખરી જ.....

ગુજરાતના મુખ્યમંત્રી પદે સૌ પ્રથમવાર મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન સત્તારૂઢ થયા છે...તેઓ ગુજરાતને પ્રગતિના શિખરે પહોંચાડે એવી શુભેચ્છાઓ..

આ લોકશાહીના ચુંટણી પર્વમાં ૧૮ થી ૩૦ વર્ષના સમાજના યુવાનોએ ખૂબ જ ઉત્સાહભેર મતદાન કર્યુ. SMS, Watsup પર મેસેજ, વીડીયો, ફોટોગ્રાફસ, જોકસ વગેરે સૌએ આનંદપૂર્વક માણ્યા અને નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન પદે બેસાડયા.. આપણાં સમાજના સૌ યુવાનોને આગ્રહભરી વિનંતી છે કે ભારતદેશની પ્રગતિ માટે આપ સક્રિય થયા તેજ રીતે પંચોલી સમાજની પ્રગતિ માટે, પંચોલી સમાજને વાયબ્રન્ટ બનાવવા માટે ઉત્સાહભેર વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લેશો, સ્વયં ગ્રુપમાં પણ સક્રિયતા લાવશો એવી આશા રાખું છું.

વિદ્યાર્થી મિત્રોના પરિણામ આવવાના શરૂ થઈ ગયા હશે અને નર્સરીથી ધો. ૧૨ના વિદ્યાર્થીઓને તો નવયુગ મળશે એટલે સ્કૂલ પણ શરૂ થઈ હશે. નવુ સત્ર શરૂ થતાં અભ્યાસમાં શરૂઆતથી જ મહેનત કરશો... સારું પરિણામ મેળવી શકશો.. તેજસ્વી તારલાઓ અંગે નવયુગમાં માહિતી આપી છે એ મુજબ આપના ફોટાઓ અને માર્કસીટ આપના એડ્રેસ સાથે મંગાવેલ સમય મર્યાદામાં જરૂરથી મોકલશો... **મેલ કે Watsup પર મોકલવાના પ્રયત્ન કરશો નહીં.. જેની ખાસ નોંધ લેવા વિનંતી...**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના આભમાંથી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના માજીપ્રમુખ શ્રી અમરતલાલ ચંદુલાલ પંચોલી રૂપી એક તેજસ્વી તારલો ખરી

પડયો... પ્રભુને ગમ્યુ એ ખરું... પ્રભુ એમના આત્માને શાશ્વત શાંતિ અર્પે તથા પરિવારજનોને આઘાત સહન કરવાની પ્રભુ શકિત અર્પે એજ સમગ્ર પંચોલી સમાજ વતી પ્રાર્થના

દિનેશભાઇ એમ. મિસ્ત્રી
તંત્રી-પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ......

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ - શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો,

ભારત દેશનાં મતદારોએ એક પક્ષમાં વિશ્વાસ મુકી સંપૂર્ણ બહુમતથી સરકાર ચલાવવાની જવાબદારી સોપી છે. મજબુત લોકશાહીનાં વિશ્વ એ દર્શન કર્યા. નાગરીકોનો વિશ્વાસ સરકાર પરિપૂર્ણ કરે અને સાચા અર્થમાં રામરાજયની સ્થાપના થાય એવી પ્રભુને પ્રાર્થના કરૂ છું.

વ્હાલા વિદ્યાર્થીઓનાં પરીક્ષાનાં પરિણામો આવી રહયા છે. સૌ ઉર્તિણ થનાર વિદ્યાર્થી મિત્રો ને હાર્દિક અભિનંદન પાઠવું છું. વેકેશનનો મુડ પણ જામ્યો હશે. વેકેશનનો સદ્‌ઉપયોગ કરી યોગ્ય આયોજન કરશો.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ધ્વારા સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણી પ્રસંગે ''સ્વર્ણિમ ફંડ'' અંગેની વિસ્તૃત જાણકારી ગત નવયુગોમાં આપવામાં આવી છે. તેમજ દરેક એકમોના પ્રમુખશ્રી/મંત્રીશ્રીઓને કુરીયર તથા ટપાલ થી જાણ કરવામાં આવી છે. આ યોજના ને યોગ્ય પ્રતિસાદ મળી રહયો છે. સ્વર્ણિમ ફંડમાં પાંચ વર્ષ સુધી દાન આપનાર દાતાઓના દાનની રકમ માંથી આપણે મેડીકલ, શૈક્ષણિક તથા વિધવા સહાય એમ ત્રણ સહાયમાં ૨૫ % , ૨૫ % , ૨૫ % રકમ લઇ જઇશુ બાકીની ૨૫ % '' સ્વર્ણિમ ફંડ ''માં રાખીશુ જે ભવિષ્યમાં આપણને સહાય ચુકવવા માટે કામ લાગશે. દાતાઓને હુ નમ્ર વિનંતી કરૂ છું કે તમો તમારા દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનાં બેંકના ખાતામાં જમા કરાવી અમોને જાણ કરશો જેથી રસીદ અમો તમોને મોકલી શકીએ, મિત્રો અમો તમારી પાસે વર્ષ દરમ્યાન રૂા. ૧૦૦૦/- , રૂા. ૨૦૦૦/- અને ૫૦૦૦/- અને વધુમાં આપની ઇચ્છા મુજબનાં દાનની અપેક્ષાા રાખીએ છીએ. આજના સમયમાં આ રકમનું મુલ્ય ઘણુ ઓછું છે પરંતુ તમામ દાતાઓની રકમ ભેગી થશે ત્યારે આપણે આપણા જ્ઞાતિનાં જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને પુરતાં પ્રમાણમાં દાનની રકમની સહાય કરી શકીશું. આપણે સૌ ભેગા મળી કામ કરીશુ તો કોઇ કામ અશકય ન બને, હું આપ સૌને વિનંતી કરૂ છુ કે આપણે સૌ આ સામાજિક યજ્ઞમાં સહભાગી બની જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને મદદરૂપ થઇએ.

મારા સાથી મિત્રો પણ આપના વિસ્તારો માંથી આ ''સ્વર્ણિમ ફંડ'' માટે દાતાઓને સમજાવી આ યોજનામાં જોડે એવી આશા રાખુ છું. મિત્રો સમાજે આપણામાં વિશ્વાસ મુકીને સમાજના ઉચ્ચ સ્થાને આપણને બેસાડયા હોય ત્યારે આપણી નૈતિક ફરજ બને છે. આશા રાખુ છુ કે તમો વધુ ને વધુ દાતાઓને આ યોજનામાં જોડશો. જો બધા ભેગા મળીને કામ કરીશુ તો આ યોજના થી સુંદર કાર્ય સમાજમાં થશે. અને તમામ કાર્યકરોને સમાજમાં કામ કરવાની જીજ્ઞાશા વધશે.

આગામી સામાન્ય સભાની મીટીંગ જે કોઇ એકમ રાખવા માંગતા હોય તેઓશ્રી સત્વરે મહામંત્રીશ્રીને ટેલીફોન થી જાણ કરે જેથી આપણે સામાન્ય સભાનું આયોજન કરી શકીએ.

પાલ વિભાગમાં અધિવેશન રાખવા માટેની ઇચ્છાઓ ઘણીવાર રજુ કરી છે પાલ વિભાગનાં કાર્યકરો આ અંગે મનો મંથન કરતાં હશે. આશા રાખુ છું કે ટુંક સમયમાં પાલ વિભાગ ધ્વારા અધિવેશન કરવાની ઇચ્છા આગામી સામાન્ય સભામાં રજુ થાય. સૌ મિત્રો ભેગા મળી આયોજન કરશો. મુંબઇ એકમ ધ્વારા રામ નવમીનાં કાર્યક્રમમાં એકમનાં જ્ઞાતિજનો ભેગા થયા મુંબઇ એકમનાં પ્રમુખશ્રી તથા મહામંડળનાં ટ્રસ્ટી શ્રી ડો.ભુપેન્દ્રભાઇ પંચોલી ને ''સ્વર્ણિમ ફંડ'' ની યોજનાનો પત્ર રૂબરૂમાં આપવામાં આવેલ હતો તે પત્ર સૌ જ્ઞાતિજનો સમક્ષ રજુ કર્યો હશે. મુંબઇ એકમનાં હોદ્દેદારોને નમ્ર વિનંતી કે, આપ સૌ અંગત રસ લઇ મહામંડળની આ યોજનામાં વધુ ને વધુ દાન મળે એ માટે પ્રયત્નો કરી મહામંડળને વધુ ને વધુ દાન મેળવી આપશો એવી વિનંતી કરૂ છુ.

વડોદરા નિવાસી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના માજી પ્રમુખ શ્રી અમરતભાઇ ચંદુલાલ પંચોલીનું તા. ૨૫.૦૫.૨૦૧૪ના રોજ નિધન થતા.. મહામંડળે નિરપેક્ષ ભાવના, શ્રદ્ધાવાન, સમાજ હિતેચ્છુ અને દુરદર્શી અનુભવી કાર્યકર ગુમાવ્યો છે.. પ્રભુ એમના આત્માને ચિરઃશાંતિ અર્પે તથા એમના કુટુંબીજનો પર આવી પડેલ આઘાત સહન કરવાની પ્રભુ શકિત અર્પે એજ પ્રાર્થના...

દરેક એકમની મહિલા મંડળની બહેનો તથા યુવક

મંડળો તેમજ દરેક એકમનાં પ્રમુખ/મંત્રીશ્રીઓને પણ વિનંતી કરવામાં આવે છે કે, મહામંડળ ના ''સ્વર્ણિમ ફંડ'' માં આપના એકમ માંથી વધુ ને વધુ દાતાઓ મહામંડળને મળે તે માટે પ્રયત્નશીલ રહી દાન અપાવશો. આગામી સામાન્ય સભા ટુંક સમયમાં મળશે ત્યારે આપણે સૌ ભેગા થઈશું. અસ્તુ.

# શ્રધ્ધાંજલી



**શ્રી અમ્રતલાલ ચંદુલાલ પંચોલી**
**સ્વર્ગવાસ તા. ૨૫.૦૫.૨૦૧૪**

વડોદરા નિવાસી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના ના માજી પ્રમુખ

**શ્રી અમ્રતલાલ ચંદુલાલ પંચોલી**

નું તા. ૨૫.૦૫.૨૦૧૪ના રોજ નિધન થતા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના એક સન્નિષ્ઠ કાર્યકર ગુમાવ્યા છે... એમની ખોટ અવારનવાર પ્રસંગોપાત સાલશે...પણ ધાર્ય ઇશ્વરનું જ થાય છે... પ્રભુ એમના આત્માને ચિરઃશાંતિ અર્પે તથા એમના કુટુંબીજનોને પ્રભુ આઘાત સહન કરવાની શકિત અર્પે એજ પ્રર્થના

લિ.
શ્રી મનિષભાઇ એમ. પંચોલી-પ્રમુખ
શ્રી ચંદ્રકાંત જે. પંચોલી-મહામંત્રી
ટ્રસ્ટીગણ, ખજાનચીબોર્ડ તથા
સંલગ્ન સંસ્થાના અધ્યક્ષો તથા મંત્રીશ્રીઓ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# અનુકરણિય



સુરત નિવાસી તથા સમાજ સુરક્ષા યોજનાના સભ્ય અ.સૌ. શોભનાબેન(છનુબેન) પ્રવિણચંદ્ર પંચોલીનો અક્ષરવાસ થતા સમાજ સુરક્ષા યોજનાના રૂા. ૨૮,૦૦૦/- મળ્યા તેમાંથી રૂા. ૫,૦૦૦/- શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને તબીબી સહાય માટે શ્રી પ્રવિણચંદ્ર હરકિશનદાસ પંચોલી તથા તેમના સુપુત્ર શ્રી જયેશભાઇ પ્રવિણચંદ્ર પંચોલી પરિવારજનો તરફથી મળ્યા છે.. આભાર....



સુરત-ઉધના નિવાસી તથા સમાજ સુરક્ષા યોજનાના સભ્ય શ્રી મહેશભાઇ ઠાકોરદાસ પંચોલીનું અવસાન થતા સમાજ સુરક્ષા યોજનાના રૂા. ૨૮,૦૦૦/- મળ્યા તેમાંથી રૂા. ૧,૦૦૦/- શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને ગં.સ્વ. મંજુલાબેન મહેશભાઇ પંચોલી તથા ચિ. પિયુષ-જૈસીલ મહેશભાઇ પંચોલી તથા પરિવારજનો તરફથી મળ્યા છે.. આભાર....

નવાપુર નિવાસીશ્રીમતિ ઉષાબેન સુરેશભાઇ પંચોલી તરફથી સુપુત્રી ચિ. નિમિષાના શુભલગ્ન નિમિત્તે મહામંડળને રૂા. ૨,૧૦૦/- ભેટ મળ્યા.... આભાર

દાતાઓનો ખૂબ ખૂબ આભાર

# Wishing yoy a Happy Birthday






Chi. Het Pinkal Pancholi
D.O.B. : 13.06.2013

Chi. Krisha Ankur Pancholi
D.O.B. : 09.04.2011

Mr. Sureshbhai D. Pancholi-Dada
Mr. Pinkal S. Pancholi
Mrs. Priyanka P. Pancholi

Mrs. Varshaben S. Pancholi-Dadi
Mr. Ankur S. Pancholi
Mrs. Riddhi A. Pancholi

Miss. Trupti S. Pancholi-Buva

Mr. Mukeshbhai B. Pancholi-Nana
Mrs. Mamtaben M. Pancholi-Nani
Miss. Ronika M. Pancholi-Mashi
Mr. Kartik M. Pancholi-Mama

Late Bansibhai Lakdawala-Nana
Mrs. Nitaben B. Lakdawala-Nani
Mr. Anik B. Lakdawala-Mama
Mrs. Tanvi A. Lakdawala-Mami

65, Radhanagar Society, Opp. Sargam Shopping Centre,
Ichchhanath Road, Athwalines, Surat-395007.
Sureshbhai-98244 32278 / Pinkal - 99138 10706
Ankur-93776 40110

# પરિણયની પગદંડી પર ડગ માંડતી વેળાએ



## ચિ. મેઘા - ચિ. તેજસ
## લગ્ન તા. : ૦૮.૦૫.૨૦૧૪

## અમારા સૌની હાર્દિક શુભેચ્છાઓ સહ.......

ગં.સ્વ. જડાવબેન રમણલાલ પંચોલી
શ્રી પ્રમોદભાઇ રમણલાલ પંચોલી
શ્રીમતિ નીલાબેન પ્રમોદભાઇ પંચોલી
ડૉ. દિવ્યેશ પ્રમોદભાઇ પંચોલી
(M.P.T. Orth)
૨૩, ખંડેરાવ પાર્ક સોસાયટી,
ઉત્કર્ષ વિદ્યાલય પાછળ,
યુરોકેર હોસ્પિટલ સામે,
જુના પાદરા, સાંઇનાથ લીંક રોડ,
દિવાળીપુરાઈ વડોદરા
મો. ૯૪૨૬૮ ૨૪૭૦૯
ફોન : ૦૨૬૫ ૨૩૫૧૫૪૩

ગં.સ્વ. સવિતાબેન ધનસુખલાલ પંચોલી
શ્રી ચંદ્રવદન ધનસુખલાલ પંચોલી
શ્રીમતિ જયશ્રીબેન ચંદ્રવદન પંચોલી
શ્રી તેજસકુમાર મહેશભાઇ પંચોલી
શ્રીમતિ ભૂમિકા તેજસકુમાર પંચોલી
ચિ. દેવ - ચિ. ધ્વની
ગં.સ્વ. વિણાબેન ભોગીલાલ મિસ્ત્રી
બી-૧૬, ઋતુરાજ સોસાયટી, સ્ટેશનરોડ,
વ્યારા. જિ. તાપી
મો. ૯૮૯૮૮ ૮૨૩૩૨

શ્રી મહેશભાઇ ધનસુખલાલ પંચોલી
શ્રીમતિ વર્ષાબેન મહેશભાઇ પંચોલી
ચિ. રોનક મહેશભાઇ પંચોલી
ચિ. મોનિલ મહેશભાઇ પંચોલી
મેઇનરોડ, ગોલવાડ

# માસિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી



**સ્વ. મહેશભાઈ ઠાકોરદાસ પંચોલી**

**જન્મ તા. : ૩૦.૦૮.૧૯૫૪ સ્વર્ગવાસ તા. : ૦૩.૦૫.૨૦૧૪**

**ના ચિઠ્ઠી કોઈ સંદેશ...ના જાને કૌન સા દેશ.... કહાં તુમ ચલે ગયે............**

સિદ્ધાંત જેનું જીવન હતું. સંસ્કાર જેનું સિંચન હતું.
પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી.
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી..
એવા પૂણ્ય આત્માને અમારા કોટી કોટી વંદન...

## અર્પણકર્તા

સ્વ. ઠાકોરદાસ ગોકળદાસ પંચોલી ગં.સ્વ. પદમાબેન ઠાકોરદાસ પંચોલી
ગં.સ્વ. મંજુલાબેન મહેશભાઈ પંચોલી
ચિ. પિયુષ મહેશભાઈ પંચોલી-મો. ૯૮૨૫૯ ૦૮૦૨૫
ચિ. જૈશીલ મહેશભાઈ પંચોલી-મો. ૭૫૬૭૫ ૫૪૯૬૫
શ્રી પ્રકાશભાઈ ઠાકોરદાસ પંચોલી પરિવાર-વ્યારા
શ્રીમતિ નયનાબેન જતીનભાઈ પંચોલી પરિવાર-સુરત
શ્રી રાજેશકુમાર પોપટલાલ ગાંધી શ્રીમતિ નિમીબાબેન રાજેશકુમાર ગાંધી
ચિ. જૈમીન-ચિ. પ્રિયાંશી - ઉધના સુરત

૩૯/૨, અમૃતનગર, હરીનગર-૨ની સામે, સ્વામિનારાયણ મંદિરની સામેની ગલીમાં, ઉધના-સુરત
મો. ૯૯૨૫૪ ૧૬૮૯૩



Roshni Pancholi
M.Sc.(Microbiology) B.Ed.

shaadi.com

Name : Roshni
Education : M.Sc.(Microbiology)
B.Ed.-From VNSGU
Job : P.R.KhatiwalaVidhya Sankul
surat-Assistant Teacher.
Birth Dt. : 26.09.1987 Time : 7.55 pm.
Hieght : 5' 0" Weigt : 55kg.
Hobby : Reading4 Music, Dancing,
Badmintion
Father : Madhusudan Ramanlal Pancholi
Mo. : 9974917345
Mother : Maltiben Madhusudan Pancholi
Sister : One(Unmarried) Studing 12th Com.
Address : 401, Shree Appt. Makkaipul, Nanpura
Surat 395 001
e-mail : meetroshni2002@yahoo.com

shaadi.com

નામ : ધવલ ગજ્જર- મો. ૯૯૭૪૫ ૪૬૫૫૫
પિતા : રમેશચંદ્ર ગજ્જર - મો. ૯૭૧૪૨ ૪૦૦૪૨
માતા : કોકિલાબેન
ભાઇ : એક - પરણિત
જન્મ તા. : ૧૮.૦૧.૧૯૮૫ સમય : બપોરે ૨.૩૦ કલાકે
જન્મ સ્થળ : સુરત (ગુજરાત)
ઉંચાઇ : ૫' ૮'' વજન : ૫૮ કિલો
અભ્યાસ : બીકોમ-એમ.બી.એ રનીંગ
સર્વિસ : એલ.આઇ.સી. (ડેવલોપર ઓફિસર)
મંગળ-શનિ : નથી
જન્માક્ષર : માનતા નથી.
સરનામું : ૩૦૧, પાર્શ્વનાથ કોમ્પલેક્ષ, ગોપીપુરા,
સુભાષચોક, સહસ્ત્રફણા મંદિરની ગલીમાં, સુરત



ધવલ ગજ્જર
બીકોમ-એમ.બી.એ.-રનીગ

# shaadi.com



નામ : **સુમિત**
જન્મ તા. : ૨૧.૧૦.૮૮ સમય : સવારે ૬.૧૦ કલાકે
ઉંચાઇ : ૫'૫'' વજન : ૫૦ કિલો
અભ્યાસ : I.T.T.(Mechinical)

## ચિ. સુમિત મે મહિનામાં ૭૫ દિવસ માટે દુબઈથી ભારત આવનાર છે.

શ્રી ભરતકુમાર કાંતીલાલ મોદી
શ્રીમતિ ગીતાબેન ભરતકુમાર મોદી
શ્રીમતિ દિપીકા વિલાસ ગાંધી
શ્રી વિલાસ મધુકાંતભાઇ ગાંધી
સરનામુ : ૫૦૩-બી, પ્રેમ રેસીડન્સી,
શરબતીયા તળાવ, લુન્સીકુઇ,
નવસારી-૩૯૬ ૪૪૫
મો. : ૯૭૨૭૭ ૯૭૭૦૬/૯૮૨૫૧ ૯૪૬૭૩

# હેપી બર્થડે...



## ચિ. આધા જતીન પંચોલી
## જન્મ તા. ૧૧.૦૪.૨013

### ની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે અમારા હાર્દિક શુભાશીષ

ગં.સ્વ. મંજુલાબેન દિનેશચંદ્ર પંચોલી
શ્રી જતિન દિનેશચંદ્ર પંચોલી
શ્રીમતિ મિત્તલ જતિન પંચોલી

ગં.સ્વ. સુમિત્રાબેન મોહનલાલ પંચોલી
શ્રી મનિષભાઇ મોહનલાલ પંચોલી
શ્રીમતિ બેલાબેન મનિષભાઇ પંચોલી
છાયાબેન મોહનલાલ પંચોલી
દિવ્યેશ - પ્રિયા - રૂષી - લેસા - ચિરાગ

૨૦૨, શાકુંતલ કોમ્પલેક્ષ, ઉનાઈરોડ, વ્યારા
મો. ૯૯૧૩૮ ૯૫૧૦૪

શ્રી શંકરભાઇ રમણલાલ પંચોલી
શ્રીમતિ ઉર્મિલાબેન શંકરભાઇ પંચોલી
પાનવડ

# તેજસ્વી તારલાઓ જોગ

માર્ચ/એપ્રિલ/મે-૨૦૧૪ દરમ્યાન લેવાયેલ S.S.C., H.S.C., I.T.I., P.T.C., A.T.D.,ગ્રેજયુએશન, ડિપ્લોમાં વિગેરે અંતિમવર્ષની પરીક્ષાઓના પરીણામો આવવાની શરૂઆત થઇ ગઇ છે. સફળ થયેલ સૌ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન....

❖ S.S.C. માં **૭૦**% (પર્શનટાઇલ) કે તેથી વધુ ગુણ....

❖ H.S.C. માં **૬૦**% (પર્શનટાઇલ) કે તેથી વધુ ગુણ મેળવનાર....

❖ I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજયુએશન, પોષ્ટ ગ્રેજયુશનમાં કોઇપણ વર્ગમાં પાસ થયેલ  વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફસ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓએ પોતાના <u>પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસની પાછળ પોતાનું પુરેપુરૂં સરનામું, મોબાઇલ નંબર, ધોરણ અને ટકા ની સંપૂર્ણ</u> વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડયા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઇચ્છા હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફકત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે

❖ કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમમાં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.

❖ ફોટામાં સ્ટેપલર કે ટાંકણી મારશો નહી. કોલેજ કક્ષાની <u>માર્કસીટની ઝેરોક્ષ તથા ફોટોગ્રાફસ જેમ જેમ રીઝલ્ટ આવે એ રીતે મોકલી આપવાની રહેશે. આપના ફોટોગ્રાફસ ઓગષ્ટમાસના નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે.  જેની નોંધ લેશો......</u>

૩૦.૭.૧૪ પછી આવેલ પરીણામોના જ ફોટાઓ દિવાળી અંકમાં પ્રકાશીત કરાશે જેની નોંધ લેવા વિનંતી. આપની

માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો મોકલવાનું સ્થળ
**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**
૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ, ડો. બેક. રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

**દિવાળી અંકમાં ફકત કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પ્રકાશિત કરવામાં આવશે.**
**HSC અને HSCના ફોટા દિવાળી અંકમાં રૂા. ૧૫૦ આપશે તેના જ છાપવામાં આવશે**
**જેની નોંધ લેવા વિનંતી. માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી**
**તા. ૧૫.૦૭.૨૦૧૪ સુધીમાં આપની માર્કસીટ મોકલવી ત્યારબાદ આવેલ**
**માર્કસીટ સ્વીકારવામાં આવશે નહી....વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...જેની નોંધ લેવી**



# પ્રાર્થના અને પ્રેમ

પ્રાર્થના ખાસ કરવી. જો તમે સાચા દિલથી પ્રાર્થના કરશો તો રોજ તમારામાં નવો ઉત્સાહ પ્રગટશે. અગાઉ જેની તમે કલ્પના પણ નહીં કરી હોય એવા નવા નવા વિચારો તમારા મનમાં પ્રગટશે. આ બધાથી તમને નવુ બળ મળશે. પછી તમને સમજાશે કે પ્રાર્થના અસલમાં શિક્ષણની ગરજ સારે છે.

માણસના પાપથી ડરશો નહીં. પાપમાં પડેલા માણસને પણ ચાહજો. કારણ એવો પ્રેમ આ પૃથ્વી પરનો સૌથી ઊંચા પ્રકારનો પ્રેમ છે. ઇશ્વરના તમામ સર્જનને ચાહજો. પ્રત્યેક લીલા પાનને, પ્રકાશના કિરણને, પ્રાણીઓને, વૃક્ષોને અને નિર્જીવ પદાર્થોને પણ ચાહજો. જો તમે બધી ચીજોને ચાહી શકશો તો તમને સઘળા પદાર્થોમાં ઇશ્વરનું રહસ્ય વર્તાશે અને એકવાર આવો એહસાસ થયા પછી તમને રોજ રોજ ઇશ્વરની સર્વ વ્યાપી હાજરી વધુને વધુ સ્પષ્ટ રીતે સમજાશે.

તમારી જાતને પશુઓથી ઉંચી ન આંકશો. એમનામાં પાપ નથી તમે ગમે તેટલા મહાન હો તો છેવટે પૃથ્વી પર જ્યાં પણ જશો ત્યાં તમે ગંદકી છોડી જશો. આપણાંમાના આ બધાને આ વાત લાગુ પડે છે. આપણાં કરતા વધુ વફાદારી પશુઓના રોમરોમમાં ભરેલી હોય છે. આપણો સહેજ પ્રેમ પામીને આપણને સંપૂર્ણ પ્રેમથી નવરાવી દે છે. આપણાં વર્તનને સરળતાથી અને સહજતાથી ઓળખી લે છે.

પ્રાણીઓની છઠ્ઠી ઇન્દ્રિય ખુબ જ તીવ્ર હોય છે. માલિકના મનના ભાવ એ વાતાવરણની ગંધમાંથી પામી લે છે. પ્રેમ અને તિરસ્કારની સમજ આપણાં કરતાય એમનામાં વિશેષ છે. જાનને જોખમમાં મુકી માલિક પ્રત્યેની વફાદારીના દાખલા આપણાંથી કેમ ભુલાય.

અરે જંગલી જાનવરો પણ પ્રેમની ભાષા સમજે ત્યારે આતો આપણાં વફાદાર, આપણાં આંગણાની શોભા, આપણાં ખેતરના ખેડનાર કમાઉ દિકરા જેવા સાથીદાર, આપણા કોઠારને છલકાવનાર મહેનતના બદલામાં મળે જો લીલુ-સુકુ ઘાસ પાણીને પ્રેમ પછી તો પૂછવું જ શું ? એની પીઠ ઠાબડતા વેંત આપણું મન વાંચી લે છે. ને આપણું કામ પાર પાડે છે.

બાળકોને ખાસ ચાહજો એ પાપમુક્ત છે. તે આપણને કોમળ બનાવવા આપણાં હૃદયને સ્વચ્છ કરવા અને એક રીતે જોતા આપણને દોરવણી આપવા જન્મ લે છે.


ઘણીવાર તમે મુઝાઇ જશો ખાસ તો માણસના પાપ સાથે પનારો પાડવામાં તમે ગુંચવાશો. તમે તમારી જાતને પૂછશો. આ પાપનો મુકાબલો મારે કઠોરતાથી કરવો જોઇએ કે ઋજુ પ્રેમથી ? આવામાં હંમેશા ઋજુ પ્રેમ પર પસંદગી ઉતારજો. હંમેશા જે માણસને અપનાવે છે તે જગતને જીતી શકે છે. નમ્રતાભર્યા પ્રેમથી મજબુત આ જગતમાં બીજુ કોઇ નથી. તમે અહીં કશુંક હલાવશો તો જગતના બીજા છેડે કશુક હલશે. તમે જો અત્યારે જેટલા છો તેથી વધુ ઉમદા બનશો તો પંખીઓનું, બાળકોનું, તમામ પ્રાણીઓનું જીવન થોડું આસાન બનશે. આવો વૈશ્વિક પ્રેમ જો તમે એને અનુભવશો તો તમારામાં એક ઉન્મેષ પ્રગટશે. એ ઉન્મેષની પળોમાં તમે પક્ષીઓ સમક્ષ પણ તમારા પાપની માફી માગવા પ્રેરાશો. આ વાત જગતને તો નિરર્થક હાસ્યાપદ જ લાગશે. ભલે લાગે પણ ક્ષમાયાચના ની આવી પવિત્ર પળોને જિંદગીભર અમૂલ્ય ખજાનાની જેમ સાચવી રાખજો.

વસુધૈવ કુટુંબકમની ભાવના આપણા મન, કર્મ અને વચનમાં વ્યાપી જાય છે. ઇશ્વર આપણને જાહેર રસ્તામાં બાંધેલ મંદિરમાં મૂર્તિરૂપે નહિ પણ જરૂરિયાતમંદ માણસરૂપે દર્શન આપે છે.

ઇશ્વર એક સંઘ છે. પિતા, પિતા અને પવિત્ર આત્માનો સંઘ સચ્ચિદાનંદ સ્વરૂપ ઇશ્વર વિશેની આપણી બધી વાતોમાં આપણે એક વાતમાં ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ઇશ્વર આપણી વાતોથી, આપણી ભાષાથી અને ખ્યાલો પર છે. માનવ ભાષા સીમીત છે. માનવ જ સીમીત છે.

નીપા મૌલિક મિસ્ત્રી-અંકલેશ્વર

## શતમ્ જીવમ્ શરદ :



અમદાવાદ નિવાસી શ્રી દિનેશભાઇ દલપતરામ પંચોલી
૭૫ વર્ષ પૂર્ણ કરે છે...
સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

# સુખ, સફળતા અને શાંતિ.......

નટુભાઇ પંચોલી-જબુગામ

જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા પ્રત્યેક વ્યકિતએ પોતાનું એક લક્ષ્ય, એક ઉદ્દેશ્ય હોવો જરૂરી છે. સૌથી પહેલા પોતાના જીવનમાં લક્ષ્યનું, ઉદ્દેશ્યનું નિર્ધારણ કરીએ. જીવનમાં શું કરવા ઇચ્છીએ છીએ ? શું કરવા માંગીએ છીએ ? પછી એ લક્ષ્યને સિદ્ધ કરવા માટે દ્રઢ સંકલ્પ સાથે મંડી પડીએ. મનમાં એક પાકો વિશ્વાસ લઇને ચાલીએ કે સફળતા મારો જન્મસિદ્ધ અધિકાર છે. નિરંતર લક્ષ્યની પ્રાપ્તિની ધૂન આપણાં મગજમાં હોવી જોઇએ.

કોઇપણ કાર્યની સફળતા માટે લગન, સખ્ત પરિશ્રમ, દૂર દૃષ્ટિ, પાકો ઇરાદો અને અનુશાસન આવશ્યક છે. જયારે મનુષ્યની તમામ શકિતઓ જેવી કે વિચારો, સમય, શરીર સાધનની તમામ શકિતઓ ઓળખીએ. પોતાના લક્ષ્યને પડકાર રૂપે સ્વીકારીએ, સંકલ્પ કરીએ, હું મારા લક્ષ્યને અવશ્ય પ્રાપ્ત કરીશ. દ્રઢ સંકલ્પની સામે કઠીનાઇ ટકી શકતી નથી. લક્ષ્ય પ્રાપ્તિ માટે સદાય ઝઝૂમતા રહીએ. કદી હિંમત ના હારીએ..

પોતાના દ્ર્શ્યને પામવા માટે પોતાના પગ પર ઉભા થઇએ. પોતાના કાર્યમાં સાચી લગન અને રસ ઉત્પન્ન કરીએ. તનતોડ મહેનત સાથે કામમાં લાગી જઇએ. માર્ગમાં આવનારી પ્રત્યેક બાધાઓ અને વિઘ્નોનો સામનો કરવા માટે કમર કસીએ. આવા દ્રઢ સંકલ્પ સાથે આગળ વધવાથી સફળતા પડછાયાની જેમ આપણી સાથે રહેશે.

જીવનમાં લીધેલ સંકલ્પનો અર્થ એ છે કે આ કાર્યમાં પ્રાણ, મન અને સમગ્ર શકિત સાથે સંલગ્ન થઇ રહ્યો છું. આ પ્રકારની વિચારણા દ્રઢતા જ સફળતાની જનની છે. હું આ વસ્તુને પ્રાપ્ત કરીને જ રહીશ. ભલે ગમે તેટલો અવરોધ કેમ ન આવે. નિરંતર પ્રયત્નો ચાલુ રાખીશ. આ રીતે બરાબર આગળ વધતા રહેવા માટે નવી શકિતઓ મેળવતા રહેવાનું પણ જરૂરી છે. ઉન્નતિનો ક્રમ તૂટવો ન જોઇએ. આગળ વધતા અટકવું કે અચકાવું ન જોઇએ. પરંતુ એતો જયારે આપણો સંકલ્પ, આપણો ઉદ્દેશ્ય, અતૂટ સાહસ, શ્રદ્ધા અને શકિતથી ઓતપ્રોત હોય ત્યારે જ સંભવ છે.

સંકલ્પનું બીજુ રૂપ છે-આત્મ વિશ્વાસ. આપણી અંદર જે એક મહાન ચેતના કામ કરી રહી છે, તેની શકિત અનંત છે. તેનો આશ્રય ગ્રહણ કરીએ તો પ્રત્યક્ષ આત્મ વિશ્વાસ જાગી જશે. આત્મવિશ્વાસ દ્વારા પોતાનો વિકાસ ઝડપથી પોતાની મેળે કરી શકાય છે. ઉન્નતિ ની આકાગળ વધીએ. ધ્યેય સિદ્ધિ માટે ઇચ્છા કરતાં સંકલ્પમાં વધારે શકિત હોય છે. માની લો કે આ વર્ષે સારા નંબરે પરીક્ષા પાસ કરીશ, તેના માટે પ્રાતઃકાળે વહેલા ઉઠવું જ પડશે. ભણવું પણ પડશે. દ્રઢ સંકલ્પમાં બુદ્ધિ સ્થિર અને શરીર ક્રિયાશીલ રાખીએ. જો આપણું મન બળવાન હોય અને વાંચન લેખનની લગન હોય તો કોઇ પણ અવરોધ સફળતાના માર્ગમાં આડે આવી શકતા નથી. એક સંકલ્પ એક નિષ્ઠા અને શકિતઓની એકતા ઇચ્છિત લક્ષ્ય સુધી અવશ્ય પહોંચાડી દે છે.

આપણને ઇશ્વરે આપેલી સંપતિ છે-સમય. સમયનો સદ્ઉપયોગ કરનાર વ્યકિત કયારેય અસફળ થઇ શકતી નથી. પરિશ્રમથી જ સફળતા મળે છે. પરંતુ પરિશ્રમનો અર્થ પણ સમયનો સદ્ઉપયોગ જ છે. નિશ્ચિત સમયે ન કરેલો પરિશ્રમ કામમાં સફળતા આપતો નથી યોજના બદ્ધ કાર્ય કરવાથી અને તેને તત્પરતા પૂર્વક નિભાવવાથી જ સફળતા પ્રાપ્ત થાય છે. સમયના સુફળનો સાચો લાભ મેળવવા પોતાની દિનચર્યા બનાવી લઇએ. નિયમિત પણે સતત આયોજન પૂર્વક આરૂઢ રહેવાનો સંકલ્પ લઇને ચાલીએ. નક્કી કરેલા સમય પર કામ કરવાથી અંતર્મનને તેજ સમયે તે જ કાર્ય કરવાની આદત પણ પડી જાય છે. ભણવાના વિષયોમાં સારી એવી રૂચી કેળવી, નિયમિત પણે વાંચન-લેખન દ્વારા સફળતા પ્રાપ્ત કરીએ.

કયારે સૂવું અને કયારે ઉઠવું તે આપણાં હાથની વાત છે. સવારે વહેલા ઉઠીને નાહી ધોઇને પહેલા ચાર કલાક વાંચવા-લખવા બેસી જઇએ. સંયમ વગર શિસ્ત આવતી નથી. શિસ્ત ત્યાં સુધી જ અઘરી છે જયાં સુધી તેને અપનાવાતી નથી. એક વખત શિસ્ત અપનાવીએ પછી સમય પણ સરળ થઇ જાય છે. શિસ્ત પારસમણિ જેવી છે. દરેક કામ તેના સમયે થાય તે જ તેની સાર્થકતા છે.

ગમે તેવી મુશ્કેલીમાં જે ટકી શકે છે તે જ પોતાના ધ્યેયને સિદ્ધ કરી શકે છે. હું કોણ છું ? મારે શું કરવું છે ? હું કરી શકું તેમ છું ? એ જાતે નક્કી કરીએ. એક વખત નક્કી કર્યા પછી પોતાના નિર્ણયને વળગી રહીએ. આપણે જ આપણાં નસીબ લખીએ, આપણી ભાગ્યરેખા દોરીએ અને તેમાં આપણને ગમતાં રંગો પૂરીએ. સુખ, સફળતા અને શાંતિ માટે પોતાની જાત પર નિયંત્રણ કરીએ. નિયંત્રણ કરવાની તૈયારી હોય તેને કોઇ રોકી શકતું નથી.

આપણા ભાવિનો આધાર આપણાંમાં જે રીતનો સંકલ્પ હશે અને આપણાં હૃદયમાં જેટલી સચ્ચાઇ હશે તેના પર રહે છે. આપણો જો એ સંકલ્પ હશે કે આપણે હવે એક સામાન્ય માણસ જેવું કદી રહેવું નથી. થોડાક આગળ વધેલા એવા પ્રાણી રૂપે પણ નથી રહેવું. પરંતુ એક નવી પૃથ્વી ઉપર એક નવું અને ઉચ્ચ પ્રકારનું જીવન જીવવું છે, તો પછી આપણાં એ ધ્યેયને સિદ્ધ કરવા માટે નિયમિત, સતત આયોજન પૂર્વક અભ્યાસ કરીએ. વિશેષ મદદની જરૂર હશે તો તે સઘળી મદદ આપણને અહીં જ મળી રહેશે...

# સંસ્થા સમાચાર......

## શ્રી પંચોલી સમાજ, સંખેડા

શ્રી પંચોલી સંખેડા સમાજની જનરલ મિટીંગ તા. ૩.૪.૨૦૧૪ના રોજ સમાજની વાડીમાં રાત્રીના ૯ કલાકે રાખવામાં આવી હતી. મંત્રીશ્રી દિલીપભાઇ બી. પંચોલીએ વાડીના હિસાબો તથા વાડીના જીર્ણોધ્ધારના હિસાબો તથા શિક્ષણ તથા ઉજવણીના હિસાબો શ્રી અનિલભાઇ જી. પંચોલીએ વંચાણે લીધા. પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઇ સી. પંચોલીએ તથા સમાજના સર્વે સભ્યોએ સર્વાનુમતે મંજુર કર્યા. ચૈત્ર સુદ ૮ને તા. ૭.૪.૨૦૧૪ના રોજ ઉજાણી અંગે ચર્ચા કરવામાં આવી.

ચૈત્ર સુદ આઠમના રોજ સવારે મહાલક્ષ્મી માતાજીના મંદિરે લક્ષ્મી હવન માં સૌ જ્ઞાતિજનો હાજર રહ્યાં. શ્રી કિરીટભાઇ જે. પંચોલી મુખ્ય યજમાન તરીકે પૂજાવિધીમાં બેઠા. શ્રી કિરીટભાઇ જે પંચોલી તરફથી સવારની હાજરી તથા આશિષભાઇ પ્રવિણચંદ્ર પંચોલી તરફથી મેંગો ડિલાઇટ આપવામાં આવ્યું. સાંજનું સ્વરૂચી ભોજન માટે ટોકન ફી રાખવામાં આવેલ હતી. મહિલા મંડળ તરફથી ભજીયા તથા મઠો સ્પોન્સર થયા. ઠંડા પાણીના જગની સેવા ધર્મેશભાઇ પી. પંચોલી તરફથી મળી હતી.

સાંજે ૬ કલાકે વર્ષ ૨૦૧૨-૧૩ વર્ષમાં કે.જી થી કોલેજ સુધીના ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કર્યા. સમાજના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા. અંતમાં સૌનો આભાર માની સ્વરૂચી ભોજનનો આસ્વાદ માણી સૌ છુટા પડયા.

તા. ૩.૪.૧૪ના રોજ મળેલ મિટીંગમાં વાડીના જીર્ણોદ્ધારમાં કિશનભાઇ અંબાલાલ પંચોલીએ સંખેડા સમાજને વિનંતી કરી કે સંખેડા સમાજના યુવક-યુવતીઓ સારી નોકરી કે ધંધા કરતા હોય તેઓએ ઓછામાં ઓછા રૂા. ૫,૦૦૦/- આપવા જોઇએ તથા સમાજના આર્થિક રીતે સદ્ધર જ્ઞાતિજનોએ વાડીના બાકીના કામ માટે વગર વ્યાજની લોન આપવી જોઇએ એવી વિનંતી કરી. જેના અનુસંધાનમાં સુંદર પ્રતિસાદ સાંપડયો. વાડીના જીર્ણોદ્ધાર માટે નીચે મુજબનું દાન મળ્યું.

| | |
|---|---|
| ૫,૫૫૫ | શ્રી પ્રિયાંકકુમાર શૈલેષભાઇ પંચોલી-સંખેડા |
| ૫,૫૫૫ | શ્રી મયુરકુમાર કિશનલાલ પંચોલી-સંખેડા |
| ૫,૫૫૫ | શ્રી મિતેશકુમાર કિશનલાલ પંચોલી-સંખેડા |
| ૫,૫૫૫ | ગં.સ્વ. ઉર્મિલાબેન બાબુભાઇ પંચોલી-ધમણાચા હસ્તે મહેશભાઇ |
| ૭,૭૭૭ | અ.સૌ. સ્વ.નિલાબેન પિયુષકુમાર પંચોલી-વડોદરા હસ્તે પિયુષકુમાર |
| ૭,૭૭૭/- | શ્રી નરેશકુમાર નગીનદાસ પંચોલી-વડોદરા |
| ૫,૦૦૦/- | શ્રી ભરતભાઇ નટવરલાલ પંચોલી-વડોદરા |
| ૧,૫૦૧/- | શ્રી દીપકભાઇ પરસોત્તમદાસ પંચોલી-વડોદરા |
| ૫૦૧/- | સ્વ. મધુબેન કંચનલાલ પંચોલી-સંખેડા હસ્તે હરીશભાઇ |

વાડી જીર્ણોદ્ધાર માટે વગર વ્યાજે લોન પેટે આપનાર જ્ઞાતિજનોની યાદી

| | |
|---|---|
| ૫૦,૦૦૦ | શ્રી કિશનભાઇ અંબાલાલ પંચોલી-સંખેડા |
| ૨૫,૦૦૦ | શ્રી ગોવિંદલાલ છોટાલાલ પંચોલી-સંખેડા |
| ૨૫,૦૦૦ | શ્રી અશ્વિનભાઇ મુળજીભાઇ પંચોલી-સંખેડા |
| ૨૫,૦૦૦ | શ્રી પ્રકાશચંદ્ર ડાહ્યાભાઇ પંચોલી-સંખેડા |
| ૨૦,૦૦૦ | શ્રી કિરીટભાઇ જયંતિભાઇ પંચોલી-સંખેડા |
| ૧૫,૦૦૦ | શ્રી અશોકભાઇ જેઠાભાઇ પંચોલી-સંખેડા |
| ૧૧,૦૦૦ | શ્રી ચંદ્રકાંતભાઇ ચંદુલાલ પંચોલી-સંખેડા |
| ૫,૦૦૦ | શ્રી રાજેશભાઇ જેઠાભાઇ પંચોલી-સંખેડા |

નમ્ર વિનંતી : સંખેડા પંચોલી સમાજની વાડીના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે. જેમાં રૂા. ૨૦ લાખનો ખર્ચ થયેલ છે. જેમાં બાકીના રૂા. ૧૦ લાખ જેટલો ખર્ચ થાય એમ છે. જેથી મહામંડળના તમામ એકમો તથા યુવક મંડળો, મહિલા મંડળો તેમજ દેશ વિદેશમાં વસતા જ્ઞાતિજનોને નમ્ર વિનંતી કે આ ભગીરથ કાર્યમાં દાન આપી અપાવી સહાયભુત થવા નમ્ર અપિલ કરવામાં આવે છે. આપ સૌના સહકારની અપેક્ષા સહ...

## શ્રી પંચોલી સમાજ, વડોદરા

શ્રી પંચોલી સમાજ વડોદરાની કારોબારી સભા તા. ૪.૫.૧૪ને રવિવારે પંચોલી નરેશભાઇ એન. ના ઘરે રાખવામાં આવેલ. જેમાં યજમાન દ્વાર પ્રથમ સ્વાગત બાદ સભાની શરૂઆત કરવામાં આવી. મહિલા મંડળના નવા વરાયેલા પ્રમુખ શ્રીમતિ જયોતિબેન એસ. પંચોલીને પ્રમુખશ્રીએ બુકે આપી સ્વાગત કર્યુ. ત્યારબાદ જયોતિબેને પોતાનું મંતવ્ય આપતા જણાવ્યું કે સમાજની સેવા કરી અને મહિલા સમાજને ઉત્તરોત્તર પ્રગતિ કરવા માટેના બનતા તમામ પ્રયત્નો કરીશું જેમાં આપનો સહકાર પણ સાથે સાથે જરૂરી બનશે...

વાર્ષિક શૈક્ષણિક કાર્યક્રમ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. જેમાં ધો. ૧ થી ૫ સુધીના દરેક વિદ્યાર્થીઓને ઇનામો (ગ્રેડ સીસ્ટમને કારણે) આપવાનું નક્કી કરવામાં આવ્યું. શ્રી મધુભાઇ કે. પંચોલી તરફથી સારા શિક્ષકો ભેગા મળીને રૂરીઆતમંદ વિદ્યાર્થીઓની એક મિટીંગ કરીને શૈક્ષણિક માર્ગદર્શન આપવાની અપીલ કરવામાં આવી. ચાલુ તેમજ ગત

વર્ષનો શૈક્ષણિક કાર્યક્રમ અંદાજીત તા. ૯.૧૧.૧૪ના રોજ રાખવાનું નકકી કરેલ છે. અને સર્વ સંમતિથી દેવદિવાળી પછીના પ્રથમ રવિવારે શૈક્ષણિક કાર્યક્રમ કરવાનું નકકી કરવામાં આવ્યું.

પ્રવાસના આયોજન માટેની ચર્ચા વિચારણાને અંતે તા. ૧.૬.૧૪ના રોજ એક દિવસીય પ્રવાસનું આયોજન કરવું. જેમાં કરનાળી, ભાદરવાદેવ, ગોરા મંદિર, રાજપીપલા અને પોઇચાનું સ્વામીનારાયણ મંદિરના સ્થળો પસંદ કરવામાં આવ્યા.

પ્રમુખશ્રી તરફથીપ્રવાસનું આયોજન સફળ બનાવવા સૌને અપીલ કરવામાં આવી હતી. અંતમાં શ્રી નરેશભાઇ તરફથી સ્વાદિષ્ટ પાવભાજીના નાસ્તાને ન્યાય આપી સહમંત્રી શ્રી હરીશભાઇ એમ. પંચોલીએ નરેશભાઇ તથા તેમના પરિવારજનોનો મિટીંગ તથા નાસ્તાની સુંદર વ્યવસ્થા માટે તથા દરેક સભ્યોએ હાજર રહી મિટીંગ સફળ બનાવવા બદલ આભાર માની સભાને પૂર્ણ થયેલ જાહેર કરી.

પાંચ વર્ષના શૈક્ષણિક ફંડના દાતાઓને વિનંતી કે વર્ષ ૨૦૧૩-૧૪ના રૂા. ૫૦૦/- શ્રી અશોકભાઇ આર. પંચોલી -ખજાનચી અથવા પ્રમુખશ્રી/મંત્રીશ્રીને જમા કરવાવવા.

## શ્રી પંચોલી સમાજ, અમદાવાદ

ગુજરાત વિઝ્યુઅલ આર્ટીસ્ટ એસોસીયેશન અમદાવાદના ઉપક્રમે ૧૩ ચિત્રકારોનું પ્રદર્શન રવિશંકર રાવલ આર્ટ ગેલેરી ખાતે તા. ૦૧.૦૫.૨૦૧૪ને ગુરૂવારના રોજ યોજાયું. કલાકેક ચાલેલ ઉદ્‌ઘાટન સમારંભનું સંચાલન જાણીતા ચિત્રકાર શ્રી જય પંચોલીએ કર્યુ.

ક્રિષ્ણા કલા કલમના ૨૭ બાળકલાકારોના ૪૬ ચિત્રોનું ૯મું પ્રદર્શન તા. ૦૧.૦૫.૧૪ને ગુરૂવારે કનોરીયા આર્ટ ગેલેરી-ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે યોજાયું જેમાં ‘કલા કલરવ’ સોવેનિયરનું વિમોચન જાણીતા ચિત્રકાર શ્રી જય પંચોલીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

અમદાવાદ નેશનલ બુક ફેર-૨૦૧૪ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર, હેલમેટ ચાર રસ્તા, અમદાવાદ ખાતે તા. ૦૧.૦૫.૧૪ થી ૦૭.૦૫.૧૪ સુધી યોજાયો. તા. ૦૫.૦૫.૧૪નો સોમવારે રંગરંગ વાદળિયા ચિત્ર સ્પર્ધાના નિર્ણાયક અને સર્જક-સાનિધ્ય ઉપક્રમે પોટ્રેટ એકઝિબિશનમાં મુખ્ય મહેમાન તરીકે જય પંચોલી હતા. સાથે હોલ-૧માં ગુજરાતના જાણીતા ચિત્રકારો-લેખકો-કવિઓના પોટ્રેટ શ્રી વી. રામાનુજે એમના ઘરે જઇ સીટીંગ લઇ ચિત્ર કરેલાં તેમાં આપણાં ચિત્રકાર શ્રી જય પંચોલીનું એક પોટ્રેટ તેમણે દોરેલું રજૂ કર્યુ. ઉપરોકા સિદ્ધિ બદલ પંચોલી સમાજ અમદાવાદના સૌ સભ્યો તેને અભિનંદન પાઠવે છે.

## શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઇ

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની પ્રથમ કારોબારી સભાનું આયોજન સાંતાક્રુઝ નિવાસી શ્રી મુકેશ પરમાનંદભાઇ પંચોલીના નિવાસ સ્થાને તા. ૪.૫.૧૪ને રવિવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે રાખવામાં આવી હતી.

માજીમંત્રી શ્રી ભાવિક મોહનલાલ કાપડિયાએ હાજર રહેલ સૌ સભ્યોનો પરિચય આપ્યો હતો. મંત્રી શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રીએ એજન્ડા મુજબ કાર્યવાહી સંભાળી હતી.

એજન્ડા-૧ : મંત્રીશ્રી પરાગભાઇએ ગત મિટીંગની મિનિટસ્નું વાંચન કર્યુ હતું અને તેને સર્વાનુમતે મંજુરી આપી હતી.

એજન્ડા - ૨ : વર્ષ ૨૦૧૪-૧૫ની કારોબારી સમિતિ તથા અન્ય સંલગ્ન સંસ્થાની રચના પ્રમુખશ્રી ડો. ભુપેન્દ્રભાઇ પંચોલીએ જણાવી. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની વર્ષ **૨૦૧૪-૧૫ની કાર્યવાહક સમિતિ** નીચે મુજબ છે....

| | | |
|---|---|---|
| પ્રમુખ | - | ડો. શ્રી ભુપેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી |
| ઉપપ્રમુખ | - | શ્રી મુકેશ પરમાનંદભાઇ પંચોલી |
| ઉપપ્રમુખ | - | શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી |
| મંત્રી | - | શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી |
| સહમંત્રી | - | શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા |
| ખજાનચી | - | શ્રી કુંતલ પ્રફુલભાઇ પંચોલી |
| સહખજાનચી | - | શ્રીમતિ કેતનાબેન મનિષભાઇ પંચોલી |
| ઓડિટર | - | શ્રી કિરણ મણીલાલ પંચોલી |
| કારોબારી સભ્ય | - | શ્રી આશિષ હરીશભાઇ પંચોલી |
| | - | શ્રી ભાવિક મોહનલાલ કાપડિયા |
| | - | શ્રી ચેતન મોહનલાલ કાપડિયા |
| | - | શ્રી મુકેશ હિરેન્દ્ર ઝવેરી |
| | - | શ્રી હર્ષ ભાવિકભાઇ કાપડિયા |
| | - | શ્રી જય મુકેશભાઇ પંચોલી |
| | - | શ્રી પ્રતિક કમલેશભાઇ પંચોલી |
| | - | શ્રી કમલ ઇશ્વરભાઇ મિસ્ત્રી |
| | - | શ્રી મયૂર જગદીશચંદ્ર મિસ્ત્રી |
| | - | શ્રી કમલેશ ધીરજલાલ પંચોલી |

**પંચોલી ભગીની સમાજ -કાર્યવાહક સમિતિ ૨૦૧૪-૧૫**

| | | |
|---|---|---|
| પ્રમુખ | - | શ્રીમતિ ઇલાબેન રજનીકાંત પંચોલી |
| ઉપપ્રમુખ | - | શ્રીમતિ અનુરાધા ચેતનભાઇ કાપડિયા |
| મંત્રી | - | શ્રીમતિ કેતના અનિષભાઇ પંચોલી |
| ખજાનચી | - | શ્રીમતિ ધર્મિષ્ઠા ભુપેન્દ્રભાઇ પંચોલી |
| સહખજાનચી | - | શ્રીમતિ જાગૃતિ ચંદ્રવદન મહેતા |
| કારોબારી સભ્ય | - | શ્રીમતિ નિતા દિપકભાઇ પંચોલી |
| | - | શ્રીમતિ કવિતા વિજયભાઇ પંચોલી |
| | - | શ્રીમતિ મનિષા ભાવિકભાઇ કાપડિયા |

- શ્રીમતિ પ્રતિમાબેન ઉમેશભાઇ મિસ્ત્રી
- શ્રીમતિ મીનાબેન પ્રવિણભાઇ પંચોલી
- શ્રીમતિ અનુરાધા મુકેશભાઇ પંચોલી
- શ્રીમતિ શિલ્પા કુમારેશભાઇ મિસ્ત્રી

**યુવામંચ-આવિષ્કાર ગ્રુપ**
**કાર્યવાહક સમિતિ વર્ષ ૨૦૧૪-૧૫**

પ્રમુખ - શ્રીમતિ ડિમ્પલ હિરલભાઇ મિસ્ત્રી
ઉપપ્રમુખ - શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા
મંત્રી - શ્રી ફોરમ દેવાંગભાઇ ગાંધી
ખજાનચી - શ્રી મયુર જગદીશભાઇ મિસ્ત્રી
કારોબારી સભ્ય - શ્રી જય મુકેશભાઇ પંચોલી
- કુ. યેશા સંજયભાઇ મિસ્ત્રી
- કુ. વૈશાખી કુમારેશભાઇ મિસ્ત્રી
- શ્રીમતિ ડિમ્પલ નયનકુમાર મિસ્ત્રી
- શ્રી હર્ષ ભાવિકકુમાર કાપડિયા
- શ્રી પ્રતિક કમલેશભાઇ પંચોલી
- શ્રી નયન નવિનચંદ્ર પંચોલી
સલાહકાર - શ્રી રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રી

આ પ્રમાણે વર્ષ ૨૦૧૪-૧૫ની શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અને તેની સંલગ્ન સંસ્થાની કાર્યવાહક સમિતિની જાહેરાત કરવામાં આવી હતી.

એજન્ડા-૩ : શ્રી રામનવમી ઉત્સવનાં હિસાબની રજુઆત ખજાનચી શ્રી કુંતલ પ્રફુલભાઇ પંચોલીએ કરી અને હિસાબને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી.

એજન્ડા-૪ : પ્રમુખશ્રીની મંજુરીથી રજૂ થાય તે જેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણદરેક વિદ્યાર્થીઓને રોકડ સહાય તેમજ નોટબુક વિતરણ કરવામાં આવશે તેની જાહેરાત કરવામાં આવી. આ સહાય સમાજની હેડ ઓફિસ 'સુવર્ણધામ' મુકામે તા. ૮.૬.૨૦૧૪ અને તા. ૧૦.૦૮.૨૦૧૪ના રવિવારના દિને સવારે ૧૦ થી ૧ કલાક સુધી કરવામાં આવશે

આ વર્ષે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તથા તેની સંલગ્ન સમિતિશ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઇ તેમજ યુવા મંચ આવિષ્કાર ગ્રુપના સહયોગથી એક અનેરા રંગારંગ કાર્યક્રમની ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ 'મીઠીબાઇ સેમીનાર હોલ' વિલેપાર્લા મુંબઇ ખાતે તા. ૨૨.૬.૨૦૧૪ના રવિવારના રોજ બપોરે ૩.૦૦ થી ૬.૦૦ વાગ્યા સુધી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો.

પ્રમુખશ્રી ડો. ભુપેન્દ્ર પંચોલીએ વર્ષ ૨૦૧૪-૧૫ના હાજર રહેલ સર્વે કારોબારી સભયોનો આભાર વ્યકત કર્યો. મંત્રી શ્રી પરાગભાઇએ આજની કારોબારી સભા અને નાસ્તાની સુંદર વ્યવસ્થા બદલ ઉપપ્રમુખ શ્રી મુકેશ પરમાનંદ પંચોલીનો આભાર વ્યકત કરી આજની કારોબારી સભા બરખાસ્ત જાહેર કરી હતી.

## શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલા

શ્રી પંચોલી સેવા મંડળને નીચે મુજબ ભેટ મળી છે.

| | |
|---|---|
| ૫૧ | ગં.સ્વ. મંજુલાબેન નગીનભાઇ પંચોલી |
| ૧૫૧ | અ.સૌ. રંજનાબેન સુરેશચંદ્ર પંચોલી |
| ૧૦૧ | શ્રી કંચનભાઇ સોમાભાઇ પંચોલી |
| ૧૦૧ | અ.સૌ. અનુરાધા બાલકૃષ્ણ પંચોલી |
| ૧૦૧ | શ્રી રમેશચંદ્ર મુળજીભાઇ પંચોલી |
| ૧૦૧ | ચિ. અધિતી નિલેશકુમાર પંચોલી |
| ૧૦૧ | શ્રી રમેશચંદ્ર ચંદુલાલ પંચોલી |
| ૧૦૧ | અ.સૌ. રેખાબેન રમેશચંદ્ર પંચોલી |
| ૨૦૧ | શ્રી રમણભાઇ દામોદરદાસ પંચોલી |
| ૧૦૧ | શ્રી અલ્પેશકુમાર જયંતિલાલ પંચોલી |
| ૫૦૧ | અ.સૌ. ઉષાબેન નરેશચંદ્ર પંચોલી-ડેડીયાપાડા |
| ૧૦૧ | શ્રી મહેન્દ્રકુમાર ભીખાભાઇ પંચોલી |

**વાડી જીર્ણોદ્ધાર ફંડ માટે અત્યાર સુધીમાં આવેલ ફાળાની રકમ :**

૫,૦૦૦/- સ્વ. વલ્લભદાસ નાગજીભાઇ મપારા તથા સ્વ. રામદાસ નાગજીભાઇ મપારાના સ્મરણાર્થે તેમના પરિવારજનો તરફથી....

## સ્વયં ગ્રુપ-સુરત



સ્વયં ગ્રુપ સુરતના સભ્યોએ રવિવારની સવારે એક દિવસીય પીકનિકમાં વલસાડ નજદિક આવેલ તીથલ બીચના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે ૯.૦૦ કલાકે સૌએ ભેગા મળી કાર દ્વારા પ્રવાસની શુભ શરૂઆત કરી. પ્રથમ ચીખલી મુકામે ચ્હા - નાસ્તાને ન્યાય આપી તીથલ જવા રવાના થયા. બરાબર ૧૧.૩૦ કલાકે તીથલ બીચ પર પહોંચ્યા.

બીચ પર ક્રિકેટ તથા વિવિધ રમતો રમ્યા હતા. તથા નારીયેળ પાણીની મઝા માણી હતી. હોટલમાં બપોરનું જમણ લઇ આરામ કર્યો. ત્યારબાદ તિથલમાં આવેલ સાંઇબાબાનું મંદિર તથા બી.એ.પી.એસ. સ્વામિનારાયણના કલાત્મક મંદિરે દર્શન કરી ફરી બીચ પર રમતો રમ્યા. શેરડીના રસને ન્યાય

આપી સાંજે ૫ કલાકે સુરત પરત આવવા નીકળ્યા. સાંજે ૭ કલાકે સુરત આવી ગયા... પ્રવાસનો આનંદ અને મઝાને વાગોળતા છુટા પડયા....

## શ્રી પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ વડોદરા

પંચોલી સમાજ ભવનનું સ્વપ્ન દોઢેક દાયકા પહેલાનું હતું. ૨૦૦૧માં જમીનની ખરીદના શ્રી ગણેશ થયા. રજીસ્ટર બાનાખત પણ છ એક વર્ષ પહેલા કરવામાં આવ્યું હતું. શ્રી પંચોલી સમાજ વડોદરાના દાતાઓએ જમીન ખરીદવા જેટલી રકમ ઉદારતાથી આપી દસ્તાવેજ કરવા માટે રજીસ્ટર સંસ્થા હોવી જરૂરી હોવાથી 'શ્રી પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ-વડોદરા (રજી.નં. એ/૩૧૮૦/વડોદરા)અસ્તિત્વમાં આવ્યું. તા. ૨૫.૦૫.૨૦૧૪ના રોજ જમીનનો દસ્તાવેજ થતા 'સમાજ ભવનનું' પ્રાથમિક કાર્ય પૂર્ણ થયું. જમીન માલિકો શ્રી સંજીવભાઇ, શ્રીમતિ ઇન્દુબેન તથા શ્રી અરજણભાઇનો સહકાર અને શ્રી પંચોલી સમાજ વડોદરાના સર્વે સભ્યો-પ્રારંભિક દાતાઓ અને નિષ્ઠાવાન કાર્યકરોની મહેનત રંગ લાવી. આજ સુધીના સૌ પ્રમુખશ્રી/મંત્રીશ્રીઓ/કારોબારી સભ્યશ્રીઓના સહકાર વિના આ સફળતા મળી ના હોત.

રજીસ્ટર બાનાખત કરવામાં તે વખતના પ્રમુખશ્રી નરેન્દ્રભાઇ પંચોલી, મંત્રીશ્રી ચંદ્રકાંતભાઇ પંચોલી, ભવન સમિતિના કન્વીનર શ્રી રમેશભાઇ પંચોલી, સહકન્વીનર શ્રી મધુભાઇ પંચોલી વગેરેની દુરદર્શિતા ખૂબ જ નોંધપાત્ર રહી.

હવે બાંધકામનો મહત્વનો તબકકો શરૂ થશે. સંપૂર્ણ પ્રોજેકટ અંદાજે રૂા. એક કરોડ રૂપિયાનો થશે. મોઘવારી વધતા આ પ્રોજેકટ પણ અપુરતો લાગશે. ભવ્ય સમાજ ભવન માટે શરૂમાં ૫૦ લાખ રૂપિયાનું ફંડ થતાં ગ્રાઉન્ડ અને એક માળનું બાંધકામ કરીશું. આપણું ભવન ખૂબ જ વિકસિત વિસ્તારમાં છે એટલે આવક પણ શરૂ થશે.

પંચોલી સમાજ વડોદરાના તમામ સભ્યો પોતાના ભવનના નિર્માણમાંઆર્થિક સહયોગ તો આપશે ઉપરાંત સમગ્ર પંચોલી સમાજના સભ્યો પણ આ ભગીરથ કાર્યમાં સહયોગ આપશે એવી અમોને શ્રદ્ધા છે. દેશ-વિદેશ વસતા આપણાં ભાઇ-બહેનો પણ આ કાર્યમાં સહયોગ આપશે એવી અમારી અપેક્ષા છે.

પંચોલી સમાજભવનના ભવ્ય ફોટોગ્રાફ સહિત બાંધકામની વિગતો વાળી પત્રિકા ટૂંક સમયમાં અમે સૌને પહોંચાડીશું. 'સૌનો સાથ, સૌનો વિકાસ' એ અમારો મંત્ર રહેશે....

## તેજસ્વી તારલા



ધારા અરૂણભાઇ પંચોલી
વડોદરા
BE.Chemical

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સમાજ સુરક્ષા યોજના

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત
સમાજ સુરક્ષા યોજનાના સુરતના સભ્ય
**અ.સૌ. શોભનાબેન(છનુબેન) પ્રવિણચંદ્ર પંચોલી**
તથા ઉધના-સુરતના સભ્ય
**શ્રી મહેશભાઈ ઠાકોરભાઈ પંચોલી**
નું અવસાન થતાં બન્ને સભ્યોના વારસદારને
રૂા. ૨૮,૦૦૦/- (અંકે રૂપિયા અઠ્ઠાવીસ હજાર પુરા)
ના ચેક અર્પણ કરવામાં આવ્યા છે......

શ્રી નવિનભાઇ વી. પંચોલી-પ્રમુખ
શ્રી નવિનભાઇ સી. પંચોલી-મંત્રી
શ્રી રાજેશભાઇ પી. ગાંધી-સહમંત્રી

## હેપી મેરેજ એનીવર્સરી



**શ્રીમતિ સુધાબેન તથા**
**શ્રી નગીનભાઈ જયંતિભાઈ પંચોલી**
૩૦.૦૫.૨૦૧૪ ના રોજ લગ્નજીવનની
૨૫મી એનીવર્સરી નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ....

કુ. સ્નેહા નગીનભાઇ પંચોલી
કુ. વૈભવી નગીનભાઇ પંચોલી
ચિ. નિરવ નગીનભાઇ પંચોલી

દરબાર રોડ, જુનીવાવ પાસે, રાજપીપલા. જિ. નર્મદા
મો. ૮૯૮૦૫ ૯૮૩૬૭

# મહિલા સમાચાર

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા



તા. ૫.૪.૧૪ના રોજ સૌ પ્રથમ મિટીંગ પ્રમુખશ્રી જ્યોતિબેન એસ. પંચોલીના નિવાસ સ્થાને લહેરીયા અને બાંધણીમાં સજ્જ થઈને દરેક સભ્યો આવ્યા હતાં. દેવાંશી જે. પંચોલીની સાંઈરામની સુંદર પ્રાર્થના થી મિટીંગની શુભ શરૂઆત કરી.

વડોદરાના શ્રી ચંદ્રકાંતભાઇ સી. પંચોલીના માતુશ્રી ગં.સ્વ. કમળાબેન ૯૪ વર્ષની ઉંમરે ધામમાં ગયા તેઓશ્રીની ઈચ્છાનુસાર ચક્ષુદાન તથા દેહદાન કરી અનુકરણીય કાર્ય કર્યુ છે તેમના આત્માને તથા બીજા નામી અનામી દિવંગત આત્માઓની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પવામાં આવી.

મિટીંગમાં સમયસર હાજર રહેલ બહેનો માટે લકી ડ્રો કરવામાં આવ્યો. જેમાં પ્રથમ બેલાબેન તથા દ્વિતીય શીલાબેન લકી બન્યા. પ્રમુખશ્રી જ્યોતિબેને વિજેતાઓને ઇનામોથી નવાજ્યા.

મહિલા મંડળની પ્રથમ મિટીંગ હોય શ્રી પંચોલી સેવા સમાજ મહિલા સંગઠનના અધ્યક્ષા શ્રીમતિ આનંદીબેને આપેલ પ્રોજેકટો વિશે શ્રીમતિ શીલાબેને વિસ્તૃત માહિતી આપી તેમજ વર્ષ દરમ્યાન સુંદર પ્રવૃત્તિઓ કરી શકીએ તે માટે સમજાવ્યું.

શ્રીમતિ હર્ષાબેને સામાન્ય જ્ઞાન સ્પર્ધાના પ્રશ્નો લાવ્યા હતા. જેમાં આધ્યાત્મિક, રાજકીય તથા જનરલ નોલેજના પ્રશ્નો સમાવ્યા હતા. જજ તરીકે શ્રીમતિ પરમેશ્વરીબેને સેવા આપી હતી. આ સ્પર્ધામાં પ્રથમ શ્રીમતિ જ્યોતિબેન ડે. તથા દ્વિતીય શ્રીમતિ શીલાબેન એ. વિજેતા થયા અને તેમને ઇનામો આપી નવાજ્યા.

મહિલા મંડળની ફી કેટલી રાખવી એ માટે ચર્ચા વિચારણા કરવામાં આવી. સર્વાનુમતે રૂા. ૧૫૦ ફી રાખવાનું નકકી કરવામાં આવ્યું તથા વધુને વધુ સભ્યો જોડાય એવા પ્રયત્નો કરવા વિનંતી કરવામાં આવી.

આજે વેસ્ટ માંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા રાખવામાં આવી. જેમાં કુલ ૧૧ બહેનોએ ભાગ લીધો. જજ તરીકે શ્રીમતિ વિભુતીબેને સેવા આપી હતી. સર્વે બહેનોએ સુંદર કૃતીઓ બનાવી હતી જેમાં પ્રથમ પ્રીતિબેન જે પંચોલી-નાળીયેરમાંથી તબલા, તથા દ્વિતીય નિકુંજ આર પંચોલી-પીસ્તાના છોટલાના ફલાવર અને ફલાવર પોટ બનાવ્યા હતા. સૌની કલાની પ્રસંશા કરી વિજેતાઓને ઇનામો આપી નવાજ્યા.

આગામી મિટીંગ તા. ૧૩મી જુને ઉપપ્રમુખ શ્રીમતિ સુરેખાબેનને ત્યાં રાખવામાં આવી છે તે દિવસે ગજરા ગૂંફન અને બ્રેસ્ટ કેન્સર અને સ્ત્રી રોગ વિશે ડો. પદમાબેન વિશિષ્ટ માહિતી આપશે તથા. વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર મહિલાનું સન્માન કરવાનું નકકી કરવામાં આવ્યું.

અલ્પાહારને ન્યાય આપ્યા બાદ પ્રમુખશ્રી જ્યોતિબેને સર્વે બહેનોને મોટી સંખ્યામાં હાજર રહેવા તથા કાયમ ઉત્સાહભેર સાથ સહકાર આપવા માટે જણાવ્યું હતું. મંત્રી શ્રીમતિ શીલાબેનની આભારવિધિ બાદ સભાને પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવી. આજરોજ મળેલ દાન

૧૦૦ જ્યોતિબેન એસ. પંચોલી-એનીવર્સરી નિમિત્તે
૫૦ નીમા ડી. પંચોલી-બર્થડે નિમિત્ત
૧૦૦ પ્રજ્ઞાબેન બી. પંચોલી મેરેજ એનીવર્સરી નિમિત્તે
૧૦૦ હર્ષાબેન જે. પંચોલી-મેરેજ એનીવર્સરી નિમિત્તે
૫૦ શીલાબેન એ. પંચોલી-બર્થડે નિમિત્તે
૧૦૦ પ્રીતિ જે. પંચોલી તરફથી જુગલની બર્થડે નિમિત્તે
૧૦૦ પ્રીતિ વી. મપારા-બર્થડે નિમિત્તે
૧૦૦ નિતા એચ. પંચોલી સૌરીનનું બીજુ વર્ષ એમ.બી.બી.એસ.. કમ્પલીટ કર્યુ તે નિમિત્તે.

પ્રમુખશ્રી - જ્યોતિબેન સુભાષભાઇ પંચોલી (૨, જયશાંતિ, સુભાષપાર્ક સોસાયટી, સંગમ ચાર રસ્તા, હરણીરોડ, વડોદારા મો. ૮૭૩૫૯ ૬૮૩૩૫)
મંત્રી - શીલાબેન અશ્વિનભાઇ પંચોલી- ('શાંતિ', જી-૩૭,

નુતન સૌરભ સોસાયટી, વિજયનગર પાસે, વડોદરા
ફોન : ૦૨૬૫-૨૪૮૯૬૮૭ મો. ૯૭૧૨૦ ૨૪૭૮૦

ઉપપ્રમુખ : શ્રીમતિ સુરેખાબેન બી. પંચોલી
સહમંત્રી : શ્રીમતિ હર્ષાબેન જે. પંચોલી
ખજાનચી : શ્રીમતિ પ્રજ્ઞાબેન બી. પંચોલી
ખજાનચી : શ્રીમતિ નિકુંજબેન આર. પંચોલી

| | |
|---|---|
| કારોબારી સભ્યો : | નીશાબેન ડે. પંચોલી |
| જ્યોતિબેન ડે. પંચોલી | પ્રીતિબેન વી. મપારા |
| નિરંજનાબેન પી. પંચોલી | જ્યોતિબેન એસ. પંચોલી |
| પુષ્પાબેન બી. મપારા | ઉષાબેન પી. પંચોલી |
| શોભનાબેન ડે. પંચોલી | નીમાબેન ડી. પંચોલી |
| નીતાબેન એચ. પંચોલી | બેલાબેન એસ. પંચોલી |
| પ્રીતિબેન જે. પંચોલી | સપનાબેન એચ. પંચોલી |

## પંચોલી મહિલા મંડળ-સુરત

શ્રી પંચોલી મહિલા મંડળ સુરતની મિટીંગ ગાર્ડન પાર્ટીમાં રાખવામાં આવી હતી. પ્રાર્થના બાદ મંડળના સભ્ય તથા કારોબારી સભ્ય મંજુબેન મહેશભાઇ પંચોલીના જીવનસાથી મહેશભાઇનું નિધન થતા એમના આત્માને શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

મંડળની બહેનોની આવતી બર્થડે નિમિત્તે ફુલ આપી શુભેચ્છાઓ પાઠવી. ગાર્ડનમાં ઉભી ખો, અંતાક્ષરી રમ્યા. વડિલ બહેનોએ વાતો કરી.. અંતમાં મંડળ તરફથી સમોસા-જલેબીના નાસ્તાને ન્યાય આપી છુટા પડયા.બર્થ ડે નિમિત્તે મળેલ ભેટ

૧૦૧ શ્રીમતિ નેહાબેન હર્ષદકુમાર રૂવાળા
૧૦૧ શ્રીમતિ ઉત્પેક્ષાબેન વિરેનભાઇ પંચોલી
૧૦૧ શ્રીમતિ કિરણબેન દિપકભાઇ ઝવેરી
૫૧ ખુશ્મનબેન પંચોલી
૫૦ શ્રીમતિ શીતલબેન કેતનભાઇ રૂવાળા
૧૫૦ સ્વ. શોભનાબેન પ્રવિણચંદ્ર પંચોલીના સ્મરણાર્થે હસ્તે મનિષાબેન ધર્મેશભાઇ પંચોલી
સર્વે દાતાઓનો ખૂબ ખૂબ આભાર

## પંચોલી ભગીની સમાજ બારડોલી

શ્રી પંચોલી ભગીની સમાજ બારડોલીની મિટિંગ તા. ૧૩.૦૪.૧૪ના રોજ શ્રી હસમુખભાઇ ઠાકોરભાઇ મિસ્ત્રીને ત્યાં રાખવામાં આવી હતી. સુર્યાબેન અને પ્રવિણાબેનના સુંદર ભજનથી મિટિંગની શરૂઆત કરવામાં આવી.આજની મિટીંગમાં શીઘ્ર વકૃત્વ સ્પર્ધા, શીઘ્ર વર્તન સ્પર્ધા રાખવામાં આવી હતી.

શ્રીમતિ દિપીકાબેન તથા શ્રીમતિ પ્રીતિબેને બહેનોને બ્યુટી ટીપ્સ આપી હતી. તથા બ્યુટી કેર પર નાનો સેમીનાર કર્યો હતો. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

શ્રી પંચોલી ભગીની સમાજ બારડોલીની મિટિંગ તા. :૪.૦૫.૧૪ના રોજ નાનકડા પ્રવાસ સાથે કરવામાં આવી. પ્રવાસમાં બારડોલીની બાજુમાં જ આવેલ સુંદર અને કલાત્મક સ્વામિનારાયણ મંદિર-સાંકરીનો રાખવામાં આવ્યો હતો. ત્યાં સર્વે સપરિવાર ભેગા થયા હતા. જ્યાં ગાર્ડનમાં અભિનય સ્પર્ધા રાખવામાં આવી હતી. ત્યારબાદ સૌ બહેનો રમતો રમ્યા. દર્શન આરતીનો લાભ લઇ મંદિરમાં જ મહાપ્રસાદનો લાભ લઇ બારડોલી આવવા પરત ફર્યા.

## પંચોલી મહિલા મંડળ-બીલીમોરા



બીલીમોરા મહિલા મંડળની સામાન્ય સભા તા. ૧૭મે શનિવારના રોજ પ્રમુખ શ્રીમતિ શોભાબેન મિસ્ત્રીને ત્યાં રાખવામાં આવી હતી. ત્યારબાદ મહાવીર વૃદ્ધાશ્રમની મુલાકાતે ગયા હતા. પ્રથમ ભજનોની રમઝટ બોલાવી હતી. જેમાં વૃદ્ધાશ્રમનાવડીલોએ પણ ભજનો ગવડાવ્યા હતા. એઓની ઇચ્છાને માન આપી અંતાક્ષરી રમ્યા હતાં.

બીલીમોરા મહિલા મંડળ તરફથી ૩૦ કિલો ઘઉં, ૩૦ કિલો ચોખા, ઉર્મિલાબેન બી. મહેતા તરફથી ૫ કિલો તુવરદાળ, તથા હાજર રહેલી બહેનોએ છ કિલો ખાંડ તથા શોભાબેન તરફથી રૂા. ૫૦૧ વૃદ્ધાશ્રમમાં ભેટ આપ્યા હતા.

વડીલોને ભાવનગરી ગાંઠીયા તથા ગ્લુકોઝ બિસ્કીટના પેકેટો આપવામાં આવ્યા હતાં. અંતમાં વૃદ્ધાશ્રમના વડીલોને મળવાની સુંદર તક આપવા બદલ આભાર વ્યકત કરી છુટા પડયાં હતાં.

## દેવના દિધેલ



ડેડીયાપાડા નિવાસી શ્રી નિરવકુમાર નરેશચંદ્ર પંચોલીને ત્યાં પુત્રરત્ન ચિ. પૂર્વનો જન્મ તા. ૧૭.૦૩.૨૦૧૪ના રોજ થયો. માતા : દિપીકાબેન

# એક વાર જાવુ હરીના ધામમાં



ઉધના-સુરત નિવાસી મહેશભાઇ ઠાકોરદાસ પંચોલી તા. ૩.૫.૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૬૦



સંખેડા નિવાસી ગં.સ્વ. ચંદનબેન ઇન્દ્રવદનભાઇ પંચોલી તા. ૮.૪.૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા.




બીલીમોરા નિવાસી ગં.સ્વ. હરીગંગાબેન ઝીણાભાઇ મિસ્ત્રી તા. હરીના ધામમાં ગયા.



વડોદરા નિવાસી સવિતાબેન નગીનભાઇ પંચોલી (ભાટપુરવાળા) તા. ૨૮.૪.૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા.



મુંબઇ નિવાસી શ્રી રશ્મીન છગનલાલ મિસ્ત્રી ૧૫.૫.૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા.



વ્યારા નિવાસી શ્રી બચુભાઇ નાનુભાઇ પંચોલી તા. ૧૦.૫.૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. - ૮૨



વ્યારા(સુરત) નિવાસી ગં.સ્વ. કાંતાબેન હરિલાલ પંચોલી તા. ૧૫.૦૫.૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા.



વડોદરા(સંખેડા) નિવાસી અને શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને શ્રી પંચોલી સમાજ વડોદરાના માજીપ્રમુખ શ્રી અમ્રતલાલ ચંદુલાલ પંચોલી તા. ૨૫.૦૫.૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા.



બોરીવલી(બીલીમોરા) નિવાસી ગં.સ્વ. કમળાબેન આત્મારામ મિસ્ત્રી તા. ૧૦.૦૫.૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા.

## પરિણયની પગદંડી પર



વ્યારા નિવાસ શ્રીમતિ જયશ્રીબેન તથા શ્રી ચંદ્રવદન ધનસુખલાલ પંચોલીના સુપુત્ર ચિ. તેજસના શુભલગ્ન વડોદરા નિવાસી શ્રીમતિ નીલાબેન તથા શ્રી પ્રમોદભાઇ રમણલાલ પંચોલીની સુપુત્રી ચિ. મેઘા સાથે તા. ૦૮.૦૫.૨૦૧૪ના રોજ થયા.

નવયુગ શુભચિંતક શ્રી કૃષ્ણકાંત ગીરધરભાઇ પંચોલી મુંબઇ શ્રી બળવંતરાય ઠાકોરદાસ પંચોલી મુંબઇ

# હેપી મેરેજએનીવર્સરી







ખડસુપા-નવસારી નિવાસી શ્રીમતિ તારાબેન તથા શ્રી રમણભાઇ કલ્યાણજી મિસ્ત્રી તા. ૧૪.૦૫.૨૦૧૪ના રોજ લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરે છે.....

અમદાવાદ નિવાસી શ્રીમતિ લોપાબેન તથા શ્રી દિનેશભાઇ દલસુખભાઇ પંચોલીતા. ૨૮.૫.૨૦૧૪ના રોજ લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરે છે....







રાજપીપલા નિવાસી શ્રીમતિ સુધાબેન તથા શ્રી નગીનભાઇ જયંતિભાઇ પંચોલી તા. ૩૦.૫.૨૦૧૪ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે....

રાજપીપલા નિવાસી શ્રીમતિ સંગીતાબેન તથા શ્રી હેમંતકુમાર ચંદુલાલ પંચોલી તા. ૩૦.૫.૨૦૧૪ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે....







રાજપીપલા નિવાસી શ્રીમતિ જ્યોતિબેન તથા શ્રી શૈલેષભાઇ ઉમંગભાઇ પંચોલી તા. ૧૫.૫.૨૦૧૪ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે....

વડોદરા નિવાસી શ્રીમતિ છાયાબેન તથા શ્રી રમેશચંદ્ર રતીલાલ પંચોલી તા. ૧૨.૫.૨૦૧૪ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે....



રાજપીપલા નિવાસી શ્રીમતિ સંગીતાબેન તથા શ્રી મહેશચંદ્ર નગીનભાઇ પંચોલી તા. ૧૪.૫.૨૦૧૪ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે....

લગ્નજીવનના ૨૫ વર્ષ અને ૫૦ વર્ષ પૂર્ણ કરનાર સર્વે દંપતિઓને સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.




# ટીપે ટીપે સરોવર ભરાય

- ₹ ૧૦૧/- ઉધના-સુરત નિવાસ સ્વ. મહેશભાઇ ઠાકોરદાસ પંચોલીની માસિક પૂણ્યતિથિ નિમિત્તે ગં.સ્વ. મંજુલાબેન મહેશભાઇ પંચોલી તરફથી નવયુગને ભેટ
- ₹ ૧૫૧/- વડોદરા નિવાસી માતુશ્રી સ્વ. સવિતાબેન નગીનદાસ પંચોલી(ભાટપુરવાળા)ના સ્મરણાર્થે કિશનલાલ નગીનલાલ પંચોલી તરફથી....
- ₹ ૨૫૧/- વડોદરા નિવાસી કિશનલાલ નગીનલાલ પંચોલી તરફથી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે...
- ₹ ૧૦૧/- રાજપીપલા નિવાસી શ્રી કંચનભાઇ સોમાભાઇ પંચોલી તરફથી વર્ષગાંઠ નિમિત્તે...
- ₹ ૧૦૧/- રાજપીપલા નિવાસી શ્રી રમણભાઇ દામોદરદાસ પંચોલી તરફથી વર્ષગાંઠ નિમિત્તે...
- ૨૫૧/- અમદાવાદ નિવાસી શ્રીમતિ લોપાબેન તથા શ્રી દિનેશભાઇ દલપતરામ પંચોલીની ૫૦મી મેરેજ એનીવર્સરી તેમજ ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે....
- ૧૫૧/- સુરત(હાલ વ્યારા) નિવાસી ગં.સ્વ. કાંતાબેન હરિલાલ પંચોલીના સ્મરણાર્થે પરિવારજનો તરફથી...
- ૧૦૧/- બીલીમોરા નિવાસી શ્રી ચંદ્રકાંત મગનલાલ મિસ્ત્રી પરિવાર તરફથી પૌત્ર ચિ. સમીરની ચોથી વર્ષગાંઠ નિમિત્તે.


## હેપી બર્થ ડે.....


આદ્યા જતીનભાઇ પંચોલી-વ્યારા
તા. ૧૩.૦૪.૨૦૧૩


સમીર અલ્પેશભાઇ મિસ્ત્રી-બીલીમોરા
૩.૬.૨૦૧૦


પ્રહર્ષ મિતેશકુમાર મિસ્ત્રી-અંધરી-મુંબઇ
તા. ૨૫.૦૬.૨૦૦૯


હેત પિંકલભાઇ પંચોલી-સુરત
તા. ૧૩.૦૬.૨૦૧૩


ક્રિશા અંકુરભાઇ પંચોલી-સુરત
તા. ૦૯.૦૪.૨૦૧૧

Book Post
Printed Book
**પ્રિન્ટેડ બુક**

**From :**
**Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Ph. :** 02646 - 252852 **Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Ph. : (02646) (R) 291852(O) 252852,**
**Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**